**[A] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. વાહકની આસપાસ વીંટળાયેલ ચુંબકીય ક્ષેત્રરેખાઓની દિશા કયા નિયમથી જાણી શકાય ?**

➠ જમણા હાથના અંગૂઠાનો નિયમ

**2. ફ્લેમિંગના ડાબા હાથના નિયમ મુજબ અંગૂઠો શેની દિશા દર્શાવે છે ?**

➠ વાહક પર લાગતા બળની દિશા

**3. ગજિયા ચુંબકમાં પ્રબળ ચુંબકીય ક્ષેત્ર ક્યાં જોવા મળે છે ?**

➠ ગજિયા ચુંબકના ધ્રુવો પાસ

**4. સૉલેનોઈડની અંદરના વિસ્તારમાં ક્ષેત્રરેખાઓ કેવી હોય છે ?**

➠ સોલેનોઇડની અંદરના વિસ્તારમાં ક્ષેત્રરેખાઓ પરસ્પર સમાંતર એવી સુરેખાઓ છે.

**5. સૉલેનોઈડના n આંટામાં ઉદ્‌ભવતું ચુંબકીય ક્ષેત્ર એક આંટામાં ઉદ્‌ભવતા ચુંબકીય ક્ષેત્ર કરતાં કેટલાં ગણું થાય ?**

➠ $n$ ગણું હોય.

**6. વિદ્યુતમોટરમાં ગૂંચળા પર લાગતાં ચુંબકીય બળની દિશા કયા નિયમની મદદથી શોધી શકાય ?**

➠ ફ્લેમિંગના ડાબા હાથના નિયમની મદદથી

**7. MRI નું પૂરું નામ આપો.**

➠ મૅગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ

**8. વિદ્યુત મોટરનો સિદ્ધાંત જણાવો.**

➠ ચુંબકીય ક્ષેત્રમાં રાખેલાં વિદ્યુતપ્રવાહધારિત વાહક પર બળ લાગે છે. જે ફ્લેમિંગના ડાબા હાથના વિદ્યુતમોટરના સિદ્ધાંતને આધારિત છે.

**9. વિદ્યુતપરિપથમાં લાઈવ વાયર કયા રંગનું આવરણ ધરાવે છે ?**

➠ લાલ રંગનું અવાહક

**10. ભારતમાં AC વિદ્યુતપ્રવાહની આવૃત્તિ તથા વિદ્યુત-સ્થિતિમાનનો તફાવત જણાવો.**

➠ AC વિદ્યુતપ્રવાહની આવૃત્તિ 50Hz અને વિદ્યુતસ્થિતિમાનનો તફાવત 220V છે.

**11. વિદ્યુત જનરેટર કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?**

➠ વિદ્યુતચુંબકીય પ્રેરણના સિદ્ધાંત પર કાર્ય કરે છે અને યાંત્રિક-ઊર્જાનું વિદ્યુતઊર્જામાં રૂપાંતર કરે છે.

**12. ઈલેક્ટ્રોમૅગ્નેટ એટલે શું ?**

➠ ચુંબકીય પદાર્થ એવા નરમ લોખંડના સળિયાને સૉલેનોઇડના ગૂંચળામાં મૂકીને સૉલેનોઇડમાંથી પ્રવાહ પસાર કરવામાં આવે ત્યારે લોખંડના સળિયાનું ચુંબકત્વ અનેકગણું વધી જાય છે. આ રીતે બનતી રચનાને ઇલેક્ટ્રોમૅગ્નેટ (વિદ્યુતચુંબક) કહે છે.

**13. જમણા હાથના અંગૂઠાનો નિયમ જણાવો.**

➠ આ નિયમને મેક્સવેલનો કોર્કસ્ક્રૂનો નિયમ પણ કહે છે; કોર્કસ્ક્રૂના નિયમ અનુસાર જો કોર્કસ્ક્રૂને વિદ્યુતપ્રવાહની દિશામાં આગળ વધારીએ તો કોર્કસ્ક્રૂના પરિભ્રમણની દિશા ચુંબકીય ક્ષેત્રની દિશામાં હોય છે અને સ્ક્રૂ જે દિશામાં આગળ વધે તે વિદ્યુતપ્રવાહની દિશા ગણાય છે.

**14. વિદ્યુતચુંબકીય પ્રેરણનો સિદ્ધાંત કોણે આપ્યો ?**

➠ માઈકલ ફેરેડેએ

**15. ઘરેલુ પરિપથમાં ગીઝર, એરકૂલર જેવા વધુ પાવરરેટિંગ ધરાવતા ઉપકરણો માટે કેટલા ઍમ્પિયરનો પ્રવાહ વપરાય છે ?**

➠ 15